GJNV010018632017

| | | |
|---|---|---|
| કેસ આવ્યા તા: | : | ૨૨–૧૧–૨૦૧૭ |
| કેસ દાખલ તા: | : | ૨૨–૧૧–૨૦૧૭ |
| કેસ નિકાલ તા: | : | ૩૦–૦૩–૨૦૨૨ |
| અવધિ : | : | વર્ષ–માસ–દિવસ |
| | | ૦૪ – ૦૪ – ૦૮ |

**નવસારીના મે. બીજા અધિક સેશન્સ જજ સાહેબની અદાલત સમક્ષ, મુ.નવસારી,**

**સેશન્સ કેસ નં. ૩૨/૨૦૧૭**

**આંક: ૧૨૧**

<u>ફરીયાદી</u>:– **નામદાર સરકાર**

<u>વિરુદ્ધ</u>

<u>આરોપી</u> **:– (૧) મદન સુખલા પીપલાદી**
ઉ.આ.વ.–૨૦,

**(૨) સુરેશ ઉર્ફે નાચણજીયાણી બાટેલા**
ઉ.આ.વ.૨૧,
બંને રહે– કુકડીયા ખેડા,
તા. પલસુત, જી.બડવાની (એમ.પી.)
હાલ રહે. આરક સીસોદ્રા મેજીકીટ કંપનીમાં
તા. જલાલપોર, જી.નવસારી.

**ગુન્હો :–** <u>ઈ.પી.કો. કલમ–૩૦૨, ૨૦૧, ૧૧૪ અન્વયે...</u>

---

ફરીયાદપક્ષે વિદ્વાન એ.પી.પી.શ્રી બી. ડી. રાઠોડ
આરોપી તરફે વિ.વકીલ શ્રી બી. જે. મોરાવાલા

---

## –:: ઠ રા વ ::–

**૧.** આરોપીઓ વિરુધ્ધ નવસારી રૂરલ પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં.૧૦૭/૨૦૧૬ થી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨, ૨૦૧, ૧૧૪ મુજબનો ગુનો દાખલ કરવામાં આવેલ, જે ગુનાના કામે તપાસના અંતે તપાસ કરનાર અધિકારીએ ક્રિ.પ્રો કોડની કલમ–૧૭૩(૨) અન્વયે આ કામના આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨, ૨૦૧, ૧૧૪ મુજબના ગુના અંગે ચાર્જશીટ નવસારીના વિધ્વાન ચીફ જયુડિશિયલ મેજિસ્ટ્રેટશ્રીની કોર્ટમાં રજૂ કર્યુ હતું અને સદરહુ કેસ સેશન્સ ટ્રાયબલ હોવાથી નીચેની અદાલતે ક્રિ. પ્રો. કોડની કલમ–૨૦૯ હેઠળ આ કેસ કમિટ કરી અત્રેની સેશન્સ કોર્ટને ઈન્સાફી કાર્યવાહી માટે મોકલી આપેલ.

**૨.** ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, –

ફરીયાદી રાજેષ ગુલાબસિંહની ફરીયાદ મુજબ તા. ૦૬/૦૭/૨૦૧૬ ના કલાક ૧૮/૦૦ પહેલા હરકોઈ વખતે મોજે વેસ્મા ગામની સીમમાં આવેલ બળીયાદેવના મંદિરની સામે આવેલ મુંબઈથી અમદાવાદ જતા ને.હા.નં. ૮ ના ટ્રેકની આગળ આવેલ સર્વિસ રોડની બાજુમાં આવેલ ઈબ્રાહીમ હશન દીલેરના ખેતરના શેઢા પાસે આરોપીઓએ અન્ય કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરની મદદગારીમાં અગાઉ આરોપી નં. ૧ ની ગેરહાજરીમાં તેના ઘરમાં તેની પત્ની શર્મિલા એકલી હતી ત્યારે રાત્રીના સમયે નાગુલાલ ઘુસી ગયેલ અને શર્મિલા જાગી ગયેલ અને બુમાબુમ કરતા નાગુલાલ નાશી ગયેલ જે અંગે ની જાણ આરોપી નં.૧ ને કરેલ તે અંગેની અદાવત રાખી નાગુલાલના હમશકલ એક અજાણ્યા ઈસમ ઉ.વ. આશરે ૬૦ ને નાગુલાલ સમજી પોતાનો ઈરાદો પાર પાડવા સારૂ આરોપી નં. ૨ તથા કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરની આરોપી નં. ૧ નાએ મદદ મેળવી તેનુ ગળુ નાયલોનની દોરીથી દબાવી મોત નિપજાવી હત્યાનો ગુન્હો આત્મ હત્યામાં ખપાવવા સારૂ તેની

લાશને પાતળા ધાબડામાં વીંટાળી મુકી જઈ પુરાવાનો નાશ કરેલ જે બનાવ બાબતે ફરીયાદીનો નવસારી રૂરલ પો. સ્ટે. ફસ્ટ ગુ. ર. નં.૧૦૭/૨૦૧૬ થી ગુનો રજીસ્ટરે લઈ, તપાસ કરનાર અમલદારે તપાસનાં અંતે આરોપીઓને અટક કરી, આરોપીઓ વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨, ૨૦૧, ૧૧૪ મુજબનાં ગુનાં અન્વયે ચાર્જશીટ રજુ કરેલ હતુ.

**૩.** આ કેસના આરોપીઓ સામે આંક–૨૯ થી તહોમતનામું ફરમાવવામાં આવેલ અને ત્યારબાદ આંક–૩૧ અને આંક–૩૨ થી આરોપીઓની પ્લી લેતાં આરોપીઓએ તેમની સામેના ગુનાનો ઈન્કાર કરતાં કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

**૪.** આ કામે ફરીયાદપક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજૂ કરવામાં આવેલ છે:–

**–:મૌખિક પુરાવો :–**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૩૪ | પંચ સાહેદ અલ્કેશકુમાર ભરતભાઈપટેલની જુબાની |
| ૨ | ૩૮ | પંચ સાહેદ કીશનભાઈ બળવંતભાઈ પટેલની જુબાની |
| ૩ | ૪૧ | સાહેદ રાજેશકુમાર ગુલાબસિંહ પટેલની જુબાની |
| ૪ | ૪૬ | પંચ સાહેદ હેમંતકુમાર દોલતરાય વશીની જુબાની |
| ૫ | ૪૯ | પંચ સાહેદ નરેશભાઈ લલ્લુભાઈ પટેલની જુબાની |
| ૬ | ૫૫ | પંચ સાહેદ બંસીભાઈ ભીખાભાઈ પટેલની જુબાની |
| ૭ | ૫૭ | પંચ સાહેદ હસન મહંમદ ડાંભરીયાની જુબાની |
| ૮ | ૬૧ | પંચ સાહેદ સુરેશભાઈ બાલુભાઈ ચૌહાણ ની જુબાની |
| ૯ | ૬૨ | પંચ સાહેદ નુરખાન રસુલખાન પઠાણ ની જુબાની |
| ૧૦ | ૬૫ | પંચ સાહેદ રીયાઝ નિઝામુદ્દીન શેખની જુબાની |
| ૧૧ | ૬૭ | સાહેદ પ્રકાશ ગોપીચંદ પાટીલની જુબાની |
| ૧૨ | ૬૯ | સાહેદ સંજયભાઈ મીરાજી વસાવાની જુબાની |

| | | |
|---|---|---|
| ૧૩ | ૭૦ | સાહેદ ઈશ્વરભાઈ દેવાજીભાઈ બરમુડાની જુબાની |
| ૧૪ | ૭૪ | સાહેદ સત્યનારાયણ કયાલીની જુબાની |
| ૧૫ | ૭૫ | સાહેદ પિન્કેશ લખતાજી બનજારાની જુબાની |
| ૧૬ | ૮૭ | સાહેદ સાંતનસિંહ શ્રીમોજીલાલસીંગ પટેલની જુબાની |
| ૧૭ | ૯૦ | સાહેદ નાગુલાલ કારૂસિંગ ગાયરી (ધનગર)ની જુબાની |
| ૧૮ | ૯૨ | સાહેદ ગંગારામ કારૂસિંગ ગાયરી (ધનગર)ની જુબાની |
| ૧૯ | ૯૮ | સાહેદ પ્રદીપસિંહ કીરીટસિંહ ગોહિલની જુબાની |

## -: દસ્તાવેજી પુરાવો :-

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૩૫ | બનાવવાળી જગ્યાનું પંચનામું |
| ૨ | ૩૬-૩૭ | પંચ સ્લીપ |
| ૩ | ૪૨ | પ્રકાશ ગોપીચંદ્ર પાટીલનાઓએ આપેલ જાહેરાત અસલ |
| ૪ | ૪૩ | અકસ્માત મોતની ફરીયાદ |
| ૫ | ૪૪ | કોઝ ઓફ ડેથ સર્ટી લખી આપવા માટે લખેલ યાદી |
| ૬ | ૪૫ | એફ.એસ.એલ. અધિકારીની સ્થળ વિઝીટ કરવા માટે લખેલયાદી |
| ૭ | ૪૭ | મરણોત્તર પંચનામું |
| ૮ | ૫૦ | લાશ પરથી કપડા કબજે કર્યાનું પંચનામું |
| ૯ | ૫૧ | લાશની ઓળખ અંગેનું પંચનામું |
| ૧૦ | ૫૨ | ભારતીય પુરાવાની કલમ-૨૭ મુજબનું પંચનામું |
| ૧૧ | ૫૩-૫૪ | પંચ સ્લીપ |
| ૧૨ | ૫૮ | આરોપીઓની શરીર સ્થિતિનું પંચનામું |
| ૧૩ | ૫૯-૬૦ | પંચ સ્લીપ |
| ૧૪ | ૬૩ | આરોપીની શરીર સ્થિતિનું પંચનામું |
| ૧૫ | ૬૪ | પંચ સ્લીપ |
| ૧૬ | ૯૧ | આધારકાર્ડની ઝેરોક્ષ નકલ |
| ૧૭ | ૯૩ | આધારકાર્ડની ઝેરોક્ષ નકલ |
| ૧૮ | ૯૯ | લાશના ફોટોગ્રાફ |

| | | |
|---|---|---|
| ૧૯ | ૧૦૦ | નાગુલાલ કાળુસીંગ ગાયરીના ફોટો નંગ–૫ |
| ૨૦ | ૧૦૧ | અ. મોત. નં.૭૪/૧૬ ના કામે એન્ટ્રી નં.૧૩/૧૬ ની સ્ટેશન ડાયરીનો ઉતારો |
| ૨૧ | ૧૦૨ | અ. મોત. નં.૭૪/૧૬ ના કામે તપાસ સંભાળી લેવા લખેલ યાદી |
| ૨૨ | ૧૦૩ | એફ.એસ.એલ. નવસારીનાઓએ આપેલ ગુન્હા સ્થળની મુલાકાતનો અહેવાલ |
| ૨૩ | ૧૦૪ | મરણજનારની પી.એમ. નો |
| ૨૪ | ૧૦૫ | મરણજનારનું ડેથ સર્ટીફીકેટ |
| ૨૫ | ૧૦૬ | પી.એસ.સી. વેસ્માનાઓએ આપેલ મ.જ. ડેથસર્ટીફીકે |
| ૨૬ | ૧૦૭ | તા.વિ. અધિકારી નવસારીનાઓને ગુનાવાળી જગ્યાનો નકશો બનાવી આપવા લખેલ પત્ર |
| ૨૭ | ૧૦૮ | આઈ.પી.સી. કલમ–૧૧૪ નો ઉમેરો કરવા લખેલ પત્ર |
| ૨૮ | ૧૦૯ | રવાનગી નોંધ અને સત્તા અંગેનું પ્રમાણપત્ર |
| ૨૯ | ૧૧૦ | મુદ્દામાલની તપાસ અને પૃથ્થકરણ બાબતે આપેલ પહોંચ |
| ૩૦ | ૧૧૧ | રવાનગી નોંધ અને સત્તા અંગેનું પ્રમાણપત્ર |
| ૩૧ | ૧૧૨ | મુદ્દામાલની તપાસ અને પૃથ્થકરણ બાબતે આપેલ પહોંચ |
| ૩૨ | ૧૧૩ | બાયોલોજીકલ પરીક્ષણ અહેવાલ |
| ૩૩ | ૧૧૪ | સીરોલોજી પૃથ્થકરણ અહેવાલ તથા ભૌતિકશાસ્ત્ર વિભાગનો પરીક્ષણ અહેવાલ |
| ૩૪ | ૧૧૫ | એફ.એસ.એલ. સુરતને લખેલ પત્ર તથા ડી.એન.એ. રીપોર્ટ |
| ૩૫ | ૧૧૬ | ઝેર શાસ્ત્ર વિભાગનો પરીક્ષણ અહેવાલ. |

આ સિવાય બીજા કોઈ પણ પુરાવા રજૂ કરવામાં આવેલ નથી અને ફરીયાદ પક્ષ તરફે આંક: ૧૧૮ થી સાહેદો ડ્રોપ કર્યાનું પુરસીસ તથા આંક: ૧૧૯ થી પુરાવા બંધનું પુરસીસ રજૂ કરવામાં આવેલ છે.

**૫.** આ કામે આરોપીઓ સામે કોઈ પુરાવો જણાતો ન હોય આરોપીઓનું

ક્રિ.પ્રો. કોડની કલમ–૩૧૩ હેઠળ વધારાનું નિવેદન નોંધવામાં આવેલ નથી.

**૬.** ત્યારબાદ ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી બી. ડી. રાઠોડની મૌખિક દલીલ તથા આરોપીઓ તરફે વિ.વ.શ્રી બી. જે. મોરાવાલાનાઓની દલીલ સ્વરૂપની રજૂઆત ઘ્યાને લીધેલ છે.

**(૬–એ)** સદર કામે વિ. એ.પી.પી.શ્રી ઘ્વારા એવી રજુઆત કરવામાં આવેલ છે કે, ફરીયાદ પક્ષ ઘ્વારા રજુ કરવામાં આવેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાથી આરોપીઓ વિરુઘ્ધનો આક્ષેપિત ગુન્હો પુરવાર થાય છે. તે સંજોગોમાં આરોપીઓને સખત નશ્યત મળી રહે તે માટે મહત્તમ સજા થાય તેવી ભારપુર્વક રજુઆત કરેલ છે.

**(૬–બી)** જયારે બચાવ પક્ષે વિ. વ.શ્રી ઘ્વારા એવી રજુઆત કરવામાં આવેલ છે કે, આ કામે જેના ખુનના આક્ષેપમાં આરોપીઓને અટક કરી ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે તે વ્યકિત નાગુલાલ જીવીત છે અને નાગુલાલે તપાસ કરનાર અમલદાર સમક્ષ આવીને પોતે જીવીત હોવા બાબતે નિવેદન આપેલ છે અને નાગુલાલના ભાઈ અને ગામના સરપંચે પણ નાગુલાલ જીવીત હોવા બાબતે અને નાગુલાલની ઓળખ બાબતે જણાવેલ છે. છતા હાલના આરોપીઓ સામે ત.ક.અ. ચાર્જશીટ કરી ખોટી રીતે સંડોવેલ છે. જેથી આરોપીઓને આ કામે છોડી મુકવા જોઈએ અને તપાસ કરનાર સામે તે બદલ યોગ્ય કાર્યવાહી કરવી જોઈએ.

**૭.** આ કેસના મારા નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા. ૦૬/૦૭/૨૦૧૬ ના કલાક ૧૮/૦૦ પહેલા હરકોઈ વખતે મોજે

વેસ્મા ગામની સીમમાં આવેલ બળીયાદેવના મંદિરની સામે આવેલ મુંબઈથી અમદાવાદ જતા ને.હા.નં. ૮ ના ટ્રેકની આગળ આવેલ સર્વિસ રોડની બાજુમાં આવેલ ઈબ્રાહીમ હશન દીલેરના ખેતરના શેઢા પાસે આરોપીઓએ અન્ય કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરની મદદગારીમાં અગાઉ આરોપી નં. ૧ ની ગેરહાજરીમાં તેના ઘરમાં તેની પત્ની શર્મિલા એકલી હતી ત્યારે રાત્રીના સમયે નાગુલાલ ઘુસી ગયેલ અને શર્મિલા જાગી જતા નાસી ગયેલ, તે બાબતની જાણ આરોપી નં.૧ ને કરેલ તે અંગે આરોપીઓએ અદાવત રાખી નાગુલાલના હમશકલ એક અજાણ્યા ઈસમ ઉ.વ. આશરે ૬૦ ને નાગુલાલ સમજી પોતાનો ઈરાદો પાર પાડવા સારૂ તેનુ ગળુ નાયલોનની દોરીથી દબાવી મોત નિપજાવી હત્યાનો ગુન્હો આત્મ હત્યામાં ખપાવવા સારૂ તેની લાશને પાતળા ધાબડામાં વીંટાળી મુકી જઈ પુરાવાનો નાશ કરી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨, ૨૦૧, ૧૧૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલો છે?

(૨) શું હુકમ?

૮. ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારાત્મક.

(૨) આખરી હુકમ મુજબ.

–:: **કા ર ણો** ::–

**મુદ્દા નં.૧** :–

૯. ફરીયાદ પક્ષે સાહેદ નં. ૧, પંચ– અલ્કેશકુમાર ભરતભાઈ પેલને આંક–૩૪ થી તથા સાહેદ નં. ૨, પંચ– કીશનભાઈ બળવંતભાઈ

પટેલને આંક–૩૮ થી તપાસવામાં આવેલ છે. તેઓ બંને બનાવવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદો છે જેઓ આંક–૩૫ નાં પંચનામાની હકીકતને સમર્થન કરતા ન હોઈ વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી વિમુખ જાહેર કરી વિ.એ.પી.પી.શ્રી. ધ્વારા આ સાહેદોને ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછી ઉલટ તપાસ કરવામાં આવેલ તેમ છતાં સદર પંચ સાહેદોએ પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી. આમ, સદર સાહેદોની જુબાની ધ્વારા આંક–૩૫ નું બનાવવાળી જગ્યાનું પંચનામું પુરવાર થતુ નથી.

**૧૦.** ફરીયાદ પક્ષે આંક–૪૧ થી સાહેદ નં.૩, રાજેશકુમાર ગુલાબસિંહ પટેલનાઓને સોગંદ પર તપાસેલા છે તેમણે પોતાની સોગંદ પરની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, ''તા. ૬/૭/૨૦૧૬ના રોજ અમો વેસ્મા ઓ.પી. ઉપર હાજર હતા ત્યારે ગામના પ્રકાશ ગોપીચંદ પાટીલનાઓએ અમોને જણાવેલ કે, વેસ્માગામની સીમમાં બળીયાદેવ મંદીરની સામે મુંબઈથી અમદાવાદ જતા ટ્રેકની બાજુમાં આવેલ સર્વિસરોડની બાજુમાં ઈબ્રાહીમ હસન દીલેરના ખેતરના છેડા ઉપર એક અજાણ્યા ઈસમની લાશ પડેલ છે જેથી હું તથા હાજર પો.કો. ધુધાભાઈનાઓ સાથે ઉપરોકત જગ્યા પર ગયેલા અને ત્યાં આગળ એક લાશ હોય જેના ઉપર લીલા કલરનો ફુલ ડીઝાઈનવાળો ધાબળો હોય જે ધાબળો ખસેડી જોતા લાશ એક અજાણ્યા પુરુષ ઈસમની ઉ. વર્ષ આશરે ૬૦ની હોય જેના ઉપર કપડાં જોતા જુનુ ફાટેલુ કાળા કલરનું શર્ટ તથા કમરે બ્લુ કલરનું જીન્સ પેન્ટ પહેરેલ હોય અને તેના શરીરે જોતા કોઈ દેખીતા નીશાન જણાયેલ નહી અને અમોએ લાશ જોઈ પ્રકાશ ગોપીચંદ પાટીલનાઓની અમારા રુબરુની અકસ્માત મોતની જાહેરાત લખી લઈ નવસારી રુરલ પો. સ્ટે. અમલદાર બાબુભાઈ ગોકુળભાઈનાઓ મારફતે અકસ્માત મોત દાખલ

કરાવીઅને તેઓએ અકસ્માત મોત નં. ૭૪ / ૧૬ સી.આર.પી.સી. કલમ ૧૭૪ મુજબની આગળની તપાસ અમોને સોપેલી અને અમોએ તપાસ સંભાળી લાશ ઉપર ઈન્કવેસ્ટ પંચનામુ તથા મરણોત્તર ફોર્મ ભરી લાશનું પી.એમ. થવા સારુ પી.એસ.સી. વેસ્માના મેડીકલ ઓફીસર શ્રીનાઓને પી.એમ. કરવા માટે યાદી આપેલી અને તે ડો. શ્રીનાઓએ જણાવેલ કે, હાલમાં સાંજનો સમય હોય અને લાશ શંકાસ્પદ હોય જેથી પી.એમ. સવારે કરવામાં આવશે, અને બીજા દિવસે મેડીકલ ઓફીસર શ્રી ચીરાગ પટેલ તથા ડો.વિશાલનાઓની પેનલ ધ્વારા લાશનું પી.એમ. કરવામાં આવેલ અને તેઓએ જણાવેલ કે, મરણજનારને દોરી વડે ગળુ દબાવવાથી મોત થયેલ છે અને તેઓએ આપેલ કોઝ ઓફ ડેથ સર્ટી જોતા મરણજનારનું મોત એસ્પેસીયા ડયુટુ સ્ટેન્ગ્યુલેશન એટલે ગળુ દબાવવાથી સ્વાસ રુંધાવાના કારણે મોત થયેલાનું જણાવેલ જેથી કોઈ અજાણ્યા પુરૂષ ઈસમ ઉ.વર્ષ ૬૦નાને કોઈ અજાણી વ્યકિત ધ્વારા કોઈ અગમ્ય કારણસર હત્યા કરી હત્યાના ગુનાને આત્મહત્યામાં ફેરવા સારુ લાશને ધાબળો વિંટાળી ઉપરોકત જગ્યાએ મુકી જઈ પુરાવાનો નાશ કરેલ હોય જેથી અજાણ્યા ઈસમ વિરૂધ્ધ અમોએ કાયદેસર થવા ફરિયાદ આપેલ છે અને આગળની તપાસ પો.સ.ઈ. પી.કે.ગોહીલનાઓએ સંભાળેલી.'' તેમણે આંક-૪ર થી પ્રકાશ ગોપીચંદ પાટીલનાઓએ આપેલ જાહેરાત, આંક-૪૩ થી અકસ્માત મોતની ફરિયાદ, આંક-૪૪ થી મેડીકલ ઓફીસર પી.એચ.સી. વેસ્માને પી.એમ. કરવા માટે તથા કોઝ ઓફ ડેથ સર્ટી લખી આપવા બાબતે લખેલ યાદી, આંક-૪૪ થી એફ.એસ.એલ. અધિકારીને સ્થળ વિઝિટ કરવા માટે લખેલ યાદી રજુ કરેલ છે. ઉ.ત. માં આ સાહેદે કબુલ રાખેલછે કે, જાહેરાત આપનાર પ્રકાશ ગોપીચંદ પાટીલની તેમણે જાહેરાત નોંધેલી. તેમણે એમ પણ

કબુલ રાખેલ છે કે, તેમણે અજાણ્યા ઈસમ વિરુધ્ધ અજાણ્યા વ્યકિત સામે ફરીયાદ આપેલી. તેમણે એમ પણ કબુલ રાખેલ છે કે, તેમણે જયારે લાશ જોઈ ત્યારે લાશ ઉપર દેખીતી ઈજાના નિશાન નહતા. આમ, આ સાહેદની જુબાની જોતા એક અજાણ્યા વ્યકિતની લાશ મળી હતી. જે લાશ સંદર્ભે અજાણી વ્યકિત સામે ગુન્હો દાખલ થયેલો જે અકસ્માત મોતનો ગુન્હો દાખલ થયેલો, આંક–૪૨ અને આંક–૪૩ ની અકસ્માત મોતની જાહેરાત જોતા આ કામના આરોપીએ મરણજનારનું મૃત્યુ નિપજાવેલ હોય તેવુ ફલીત થતુ નથી.

**૧૧.** ફરીયાદ પક્ષે સાહેદ નં. ૪, પંચ–હેમંતકુમાર દોલતરાય વશીને આંક–૪૬ થી તપાસવામાં આવેલ છે. તેઓ ઈન્કવેસ્ટ પંચનામાના પંચ સાહેદ છે જેઓ આંક–૪૭ નાં પંચનામાની હકીકતને સમર્થન કરતા ન હોઈ વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી વિમુખ જાહેર કરી વિ.એ.પી.પી.શ્રી. ધ્વારા આ સાહેદને ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્ર શ્નો પુછી ઉલટ તપાસ કરવામાં આવેલ તેમ છતાં સદર પંચ સાહેદે પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી. આમ, સદર સાહેદની જુબાની ધ્વારા આંક–૪૭ નું ઈન્કવેસ્ટ પંચનામું પુરવાર થતુ નથી.

**૧૨.** ફરીયાદ પક્ષે સાહેદ નં. ૫, પંચ– નરેશભાઈ લલ્લુભાઈ પટેલને આંક–૪૯ થી તપાસવામાં આવેલ છે. તેઓ લાશ પરથી કપડા કબજે કર્યાનું પંચનામું, લાશની ઓળખ અંગેનું પંચનામું, તથા ભારતીય પુરાવાની કલમ–૨૭ મુજબનું પંચનામુના પંચ સાહેદ છે જેઓ આંક–૫૦, આંક–૫૧ તથા આંક–૫૨ નાં પંચનામાની હકીકતને સમર્થન કરતા ન હોઈ વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી વિમુખ જાહેર કરી વિ.એ.પી.પી.શ્રી. ધ્વારા આ સાહેદને ઉલટ તપાસમાં પુછી

શકાય તેવા પ્રશ્નો પુછી ઉલટ તપાસ કરવામાં આવેલ તેમ છતાં સદર પંચ સાહેદે પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી. આમ, સદર સાહેદની જુબાની દ્વારા આંક–૫૦ નું લાશ પરથી કપડા કબજે કર્યાનું પંચનામું, આંક–૫૧ નું લાશની ઓળખ અંગેનું પંચનામું તથા આંક–૫૨ નું ભારતીય પુરાવાની કલમ–૨૭ મુજબનું પંચનામું પુરવાર થતુ નથી.

**૧૩.** ફરીયાદ પક્ષે સાહેદ નં. ૬, પંચ– બંસીભાઈ ભીખાભાઈ પટેલને આંક–૫૫ થી તપાસવામાં આવેલ છે. તેઓ લાશ પરથી કપડા કબજે કર્યાનું પંચનામું તથા લાશની ઓળખ અંગેનું પંચનામુંના પંચ સાહેદ છે જેઓ આંક–૫૦ તથા આંક–૫૧ નાં પંચનામાની હકીકતને સમર્થન કરતા ન હોઈ વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી વિમુખ જાહેર કરી વિ.એ.પી.પી.શ્રી. દ્વારા આ સાહેદને ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછી ઉલટ તપાસ કરવામાં આવેલ તેમ છતાં સદર પંચ સાહેદે પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી. આમ, સદર સાહેદની જુબાની દ્વારા આંક–૫૦ નું લાશ પરથી કપડા કબજે કર્યાનું પંચનામું તથા આંક–૫૧ નું લાશની ઓળખ અંગેનું પંચનામું પુરવાર થતુ નથી.

**૧૪.** ફરીયાદ પક્ષે સાહેદ નં. ૭, પંચ–હસન મહંમદ ડાંભરીયાને આંક–૫૭ થી તપાસવામાં આવેલ છે. તેઓ આરોપીઓની શરીરસ્થિતિના પંચનામાના પંચ સાહેદ છે જેઓ આંક–૫૮ નાં પંચનામાની હકીકતને સમર્થન કરતા ન હોઈ વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી વિમુખ જાહેર કરી વિ.એ.પી.પી.શ્રી. દ્વારા આ સાહેદને ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછી ઉલટ તપાસ કરવામાં આવેલ તેમ છતાં સદર પંચ સાહેદે પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી. આમ,

સદર સાહેદની જુબાની ધ્વારા આંક–૫૮ નું આરોપીઓની શરીર સ્થિતિનું પંચનામું પુરવાર થતુ નથી.

**૧૫.** ફરીયાદ પક્ષે સાહેદ નં. ૮, પંચ– સુરેશભાઈ બાલુભાઈ ચૌહાણને આંક–૬૧ થી તપાસવામાં આવેલ છે. તેઓ ભારતીય પુરાવાની કલમ–૨૭ મુજબનું પંચનામુ તથા આરોપીઓની શરીર સ્થિતિનું પંચનામુંના પંચ સાહેદ છે જેઓ આંક–૫૨ તથા આંક–૫૮ નાં પંચનામાની હકીકતને સમર્થન કરતા ન હોઈ વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી વિમુખ જાહેર કરી વિ.એ.પી.પી.શ્રી. ધ્વારા આ સાહેદને ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછી ઉલટ તપાસ કરવામાં આવેલ તેમ છતાં સદર પંચ સાહેદે પંચનામાની હકીકત ને લેશમાત્ર સમર્થન આપેલ નથી. આમ, સદર સાહેદની જુબાની ધ્વારા આંક–૫૨ નું ભારતીય પુરાવાની કલમ–૨૭ મુજબનું પંચનામું તથા આંક–૫૮ નું આરોપીઓની શરીર સ્થિતિનું પંચનામું પુરવાર થતુ નથી.

**૧૬.** ફરીયાદ પક્ષે સાહેદ નં. ૯, પંચ– નુરખાન રસુલખાન પઠાણને આંક–૬૨ થી તથા સાહેદ નં. ૧૦, પંચ– રીયાઝ નિઝામુદ્દીન શેખને આંક–૬૫ થી તપાસવામાં આવેલ છે. તેઓ બંને આરોપીની શરીર સ્થિતિના પંચનામાના પંચ સાહેદો છે જેઓ આંક–૬૩ નાં પંચનામાની હકીકતને સમર્થન કરતા ન હોઈ વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી વિમુખ જાહેર કરી વિ.એ.પી.પી.શ્રી. ધ્વારા આ સાહેદોને ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછી ઉલટ તપાસ કરવામાં આવેલ તેમ છતાં સદર પંચ સાહેદોએ પંચનામાની હકીકત ને લેશમાત્ર સમર્થન આપેલ નથી. આમ, સદર સાહેદોની જુબાની ધ્વારા આંક–૬૩ નું આરોપીની શરીર સ્થિતિનું પંચનામું પુરવાર થતુ નથી.

**૧૭.** ફરીયાદ પક્ષે આંક–૬૭ થી સાહેદ નં.૧૧, પ્રકાશ ગોપીચંદ પાટીલ નાઓને સોગંદ પર તપાસેલા છે તેમણે પોતાની સોગંદ પરની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, તા. ૬/૭/૧૬ ના રોજ તેઓ વેસ્મા ગામે હતા અને બપોર પછીના સમયે પલસાણા જતા હતા ત્યારે રસ્તામાં મંદીરની સામે નેશનલ હાઈવે ઉપર ધાબળો પડેલો જોયેલો જેથી તેઓ ત્યાં ગયેલા અને ત્યાં જઈને જોતા એક માણસ મરણ ગયેલ હાલતમાં પડેલ હતો જેથી તે અંગે તેમણે વેસમા પોલીસ સ્ટેશનમાં જણા કરેલી. આ સાહેદે ઉ.ત.માં કબુલ રાખેલ છે કે તેમણે બપોરે એક થી પાંચના ગાળામાં લાશ જોયેલ હતી. આ લાશ કોની હતી તે તેમને ખબર નથી. લાશના કપડા કેવા હતા તે પણ તેમને જાણકારી નથી. આમ, આ સાહેદે એક અજાણી લાશને જોયેલ હતી તે સિવાય તેઓનો બીજો કોઈ પુરાવો તેઓ આપી શકેલા નથી.

**૧૮.** ફરીયાદ પક્ષે આંક–૬૯ થી સાહેદ નં.૧૨, સંજયભાઈ મીરાજી વસાવાનાઓને સોગંદ પર તપાસેલા છે તેમણે પોતાની સોગંદ પરની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, બનાવ આજથી ચારેક વર્ષ પહેલા બનેલો અને તેઓ તે સમયે મેજીક્રેટ કંપનીના કોલોનીના રૂમ નં. ૩૧ માં પોતાની પત્ની સાથે રહેતા હતા. બનાવના દિવસે તેમની ફરજ રાત્રે ૮–૦૦ થી ૮–૦૦ ની હતી અને સવારે ૮–૦ વાગ્યે તેઓ બહાર નીકળતા હતા ત્યારે પોલીસવાળા કંપનીના ગેટ પાસે આવેલા અને એક વ્યકિતનો ફોટો લગાવી ગયેલા હતા તે તેઓ જોતા હતા તે વખતે કોઈએ પોલીસને ફોન કરી દીધેલો. જેથી પોલીસ આવીને તેમને પકડી લઈ ગયેલી અને તેમણે આ ફોટો કોનો હતો તેની તેમને ખબર ન હોવાનુ જણાવેલ.

સદર સાહેદે ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપેલ ન હોય, તેઓને ફરીયાદપક્ષ તરફથી વિમુખ થયેલા જાહેર કરવામાં આવેલા.

આ સાહેદની વિ.એ.પી.પી.શ્રી ધ્વારા ઉલટ તપાસ કરવામાં આવેલી તેમ છતા તેઓની ઉલટ તપાસ દરમ્યાન ફરીયાદ પક્ષના કેસને મદદરૂપ થાય તેવી કોઈ જ હકીકત બહાર લાવી શકેલા નથી.

**૧૯.** ફરીયાદ પક્ષે આંક–૭૦ થી સાહેદ નં.૧૩, ઈશ્વરભાઈ દેવાજીભાઈ બરમુડાનાઓને સોગંદ પર તપાસેલા છે તેમણે પોતાની સોગંદ પરની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, બનાવ આજથી ચારેક વર્ષ પહેલા બનેલો અને તેઓ તે સમયે મેજીક્રેટ કંપનીના કોલોનીના રૂમ નં. ૩૩ માં પોતાની પત્ની ઈન્દ્રાબેન સાથે રહેતા હતા. બનાવના દિવસે તેમની ફરજ રાત્રે ૮–૦૦ થી સવારે ૮–૦૦ ની હતી અને સવારે ૮–૦ વાગ્યે તેઓ બહાર નીકળતા હતા ત્યારે પોલીસવાળા કંપનીના ગેટ પાસે આવેલા અને એક વ્યકિતનો ફોટો લગાવી ગયેલા હતા, તે તેઓ જોતા હતા તે વખતે કોઈએ પોલીસને ફોન કરી દીધેલો. જેથી પોલીસ આવીને તેમને પકડી લઈ ગયેલી અને તેમણે આ ફોટો કોનો હતો તેની તેમને ખબર ન હોવાનુ જણાવેલ.

સદર સાહેદે ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપેલ ન હોય, તેઓને ફરીયાદપક્ષ તરફથી વિમુખ થયેલા જાહેર કરવામાં આવેલા. આ સાહેદની વિ.એ.પી.પી.શ્રી ધ્વારા ઉલટ તપાસ કરવામાં આવેલી તેમ છતા તેઓની ઉલટ તપાસ દરમ્યાન ફરીયાદ પક્ષના કેસને મદદરૂપ થાય તેવી કોઈ જ હકીકત બહાર લાવી શકેલા નથી.

**૨૦.** ફરીયાદ પક્ષે આંક–૭૪ થી સાહેદ નં.૧૪, સત્ય નારાયણ કયાલીનાઓને તથા આંક–૭૫ થી પિન્કેશ લખતાજી બનજારા નાઓને તથા આંક– ૮૭ થી સાંતનસિંહ શ્રીમોજીલાલસીંગને સોગંદ પર તપાસેલા છે તેઓ ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપેલ ન હોય, તેઓને ફરીયાદપક્ષ તરફથી વિમુખ થયેલા જાહેર કરવામાં આવેલા. આ

તમામ સાહેદોની વિ.એ.પી.પી.શ્રી દ્વારા ઉલટ તપાસ કરવામાં આવેલી તેમ છતા તેઓની ઉલટ તપાસ દરમ્યાન ફરીયાદ પક્ષના કેસને મદદરૂપ થાય તેવી કોઈ જ હકીકત બહાર લાવી શકેલા નથી.

**૨૧.** ફરીયાદ પક્ષે આંક–૯૦ થી સાહેદ નં.૧૭, નાગુલાલ કારૂસિંગ ગાયરી (ધનગર)નાઓને સોગંદ પર તપાસેલા છે તેમણે પોતાની સોગંદ પરની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે,"બનાવ સમયે હું આરક સીસોદ્રા,મેજીક્રેટ કંપનીમાં નવસારી ખાતે રહેતો હતો. હું ઉપર જણાવેલ સરનામે હાલમાં રહુ છું. અને છેલ્લા દસ વર્ષથી નવસારી આરક સીસોદ્રા ખાતે આવેલ મેજીક્રેટ કંપનીમાં કામ કરતો હતો અને મેજીક્રેટ કંપનીની કોલોનીમાંજ રહેતો હતો. મારી પત્નીનું નામ નંદુબાઈ છે. આજ થી આશરે બારેક વર્ષ પહેલા અમારા છુટાછેડા થઈ ગયેલા. મારી પત્ની રુપણીગામમાં તેના પિયરે રહે છે. મારે ત્રણ દીકરીઓ છે જેમાં એક પૂંજા, રોલીબાઈ, સુનીતા છે. અમે ચાર ભાઈઓ છે. મારી બહેનનું નામ કમળાબાઈ છે. મારેબહેનના લગ્ન એમ.પી.ખાતે થયેલા છે. મારા ભાઈઓમાં બંસીલાલ , પ્રેમચંદ અને ગંગારામ છે. મારા ભાઈઓ ખેતી મજુરી કરે છે અને એમ.પી.માં રહે છે. અમારી કંપનીમાંથી મને બે ત્રણ દિવસની રજામાં હું ઘરે જવા માટે નીકળેલો. હું મદનને ઓળખતો નથી. હું મદનની પત્નીને ઓળખતો નથી. હું મારી કંપનીમાંથી કોટાવાળી બસમાં બેસી ચીત્તોડ ખાતે ઉતરેલા. ત્યાંથી હું બસમાં બેસી મનસોર ગયેલો અને મનસોર ઉતરી મારા ઓળખીતા કવલાલ ભીલના ઘરે મોરવણ ગયેલો અને હું ત્યાંથી મારા સંબંધીના ઘરે માતારુંડી ગયેલો. હું ત્યાં એક દિવસ રોકાયેલો અને એ રીતે મને ચારપાંચ દિવસ થઈ ગયેલા અને અમારા સંબંધી રાધેશ્યામને ત્યાં રોકાયેલો. રાધેશ્યામ ઉપરમારા કુટુંબી ઓએ ફોન કરેલો કે નાગુ મરી ગયેલ છે. જેથી હું મારા ઘરે ગયેલો અને અમારા ઘરમાં બધાને જણાવેલ કે હું જીવતો છુ

અને મારા ઘરેથી મારો ભાઈ ગંગારામ મને વેસ્મા પો. સ્ટે. લાવેલો અને પોલીસે કહેલુ કે તુ જીવતો છે તો જતો રહે. પોલીસે મને હું કયાં અને કોના ઘરે હતો તે પુછતા હુ કયાં અને કોના ઘરે હતો તે તમામ વિગત પોલીસને જણાવેલી. જેની લાશનું અમારા પરીવારજનોએ અંતિમ સંસ્કાર કરેલો તે વ્યકિત કોન હતુ તેની મને ખબર નથી.'' આ સાહેદે પોતાનો આધાર કાર્ડની નકલ આંક–૯૧ થી રજુ કરેલ છે અને ચાર્જશીટ જોતા તપાસ કરનાર અમલદારે નાગુલાલ કારૂસિંગ ગાયરીનું નિવેદન પણ નોંધેલ છે અને તેમાં પણ તેઓએ આજ હકીકત જણાવેલી છે . આમ, નાગુલાલ કારૂસિંગ ગાયરીની આંક–૯૦ ની જુબાની જોતા જેમના ખુનના ગુન્હા બાબતે હાલના આરોપીઓ સામે હાલની ટ્રાયલ ચાલે છે તે મરણજનાાર નાગુલાલ કારૂસિંગ ગાયરી નથી, પરંતુ કોઈ અજાણી વ્યકિત છે અને જેમના ખુનના ગુન્હા બાબતે આરોપીઓ સામે ચાર્જશીટ કરીને ટ્રાયલ ચલાવવામાં આવે છે તે નાગુલાલ કારૂસિંગ ગાયરી જીવીત છે. આમ, જેમના મરણ બાબતેનો હાલનો કેસ છે તે વ્યકિત જીવીત છે અને તે અંગેના તેમણે પુરાવા રજુ કરેલ છે તથા તપાસ કરનાર અમલદારે લીધેલ નિવેદન પણ ચાર્જશીટના કામે સામેલ છે. વળી આંક–૯૨ ના સાહેદ ગંગારામ કારૂસીંગ ગાયરીની જુબાની જોતા પણ નાગુલાલ કારૂસિંગ ગાયરી જીવીત છે. જેથી આરોપીઓ સામે જે ગુન્હા સબબનો ચાર્જફ્રેમ કરવામાં આવેલો છે તે ગુન્હાના મરણજનાર જીવીત છે અને આ કામે નાગુલાલ કારૂસિંગ ગાયરી તથા તેમના ભાઈ ગંગારામ કારૂસિંગ ગાયરીની જુબાની તથા તેમના આધાર કાર્ડની નકલો જોતા **તથા આ કામે તપાસ કરનાર અમલદાર પ્રદિપસિંહ કીરીટસિંહ ગોહીલ ની આંક–૯૮ ની જુબાની જોતા તથા તપાસ કરનાર અમલદારની જુબાનીમાં રજુ થયેલ લાશના ચાર ફોટોગ્રાફ આંક–૯૯ થી રજુ છે અને નાગુલાલ**

કારૂસિંગ ગાયરીના ફોટા નંગ–૫ આંક–૧૦૦ થી રજુ છે આ બંને જોતા નાગુલાલ કારૂસિંગ ગાયરી અને મરણજનારના ચહેરામાં થોડી ઘણી સામ્યતા જણાય છે. તપાસ કરનાર અમલદારે પોતાની સરતપાસમાં "મે તા.૧૪/૭/૧૬ ના રોજ સાહેદ ગંગારામ કાળુસીંગ ગાયરી(ધનગર)નુ નીવેદન લીધેલુ. તેણે લખાવેલ કે ગઈ તા.૧૧/૭/૧૬ ના રોજ મારા ભાઈ નાગુનુ ખુન થયેલાની જાણ થતા હુ તથા જગદીશ તથા પ્રકાશ તથા રામનારાયણ તથા રતનલાલ ઉર્ફે મેઘરાજ તથા તેની પત્ની નેનાનાઓ સાથે નવસારી ખાતે આવેલા અને આપ સાહેબે નાગુની લાશને બતાવેલી, અને મે લાશનુ મોઢુ જોયેલુ જેના મોઢા ઉપર સફેદ દાઢી તથા માથામા સફેદ વાળ અને કપાળ ઉપર કુદરતી ચાંઠા જેવુ નીશાન હોય જે જોતા નાગુની લાશ હોવાનુ મને લાગેલ, જે લાશની મે તથા મારા પીતરાઈ ભાઈ પ્રકાશ અને ગામના બીજા માણસોએ નાગુની લાશ હોવાની ઓળખ કરેલ અને નાગુની લાશ અમારા વતનમા અંતીમવિધી કરવા સારુ લઈ ગયેલા અને ગામના લોકો ભેગા મળેલા અને તેઓએ પણ લાશનુ મોઢુ જોયેલ અને ગામ લોકોએ પણ નાગુનુ લાશ હોવાનુ જણાવેલ, અને તા.૧૩/૭/૧૬ ના રોજ સવારના તેની અંતીમવિધી કરીને અને દોઢ બે કલાક પછી મારા મોબાઈલ ફોન ઉપર માતારૂડી ખાતે રહેતા અમારા સંબંધી રાધે શ્યામનો મારા ઉપર ફોન આવેલ અને મને જણાવેલ કે નાગુ મારા ઘરે છે અને તમે ગુજરાત ખાતેથી લાશ લઈને આવેલ છો તે નાગુની છે તે તમે કઈ રીતે કહી શકો તેમ કહેતા મે જણાવેલ કે નાગુ જીવતો હોય તો મારા ઘરે મોકલી આપો અને નાગુ થોડી વારમા મારા ઘરે આવેલો, અને મે મારા ગામના પુર્વ સરપંચ ભારતીસિંગને જાણ કરેલી

અને તેણે ગુજરાત ખાતે પોલીસને જાણ કરવા જણાવતા તેને આપ સાહેબને ફોન કરેલો, અને પોલીસે નાગુ ને નવસારી ખાતે લઈ આવવા જણાવતા હુ તથા ભારતીસિંગ તથા પ્રકાશ તથા મારો ભાઈ નાગુ તથા માંગીલાલ તથા રામનારાયણ તથા બીજા ગામના માણસો સાથે ગઈ કાલે સાંજે પ્રાઈવેટ સાધન દ્રારા આજરોજ આવેલ અને મરનાર નાગુના જેવો દેખાતો હોય જેથી તેની અંતીમવિધી થઈ ગયેલ છે અને નાગુ જલ્દી આવી જતે તો મરનારની લાશ અહી પરત લઈ આવતે પરંતુ તેની અંતીમવિધી થયા પછી નાગુ ઘરે આવતા મરનારની અંતીમવિધી થઈ ગયેલ છે અને મે નાગુ જેવા ચહેરાવાળા ઈસમને પોતાનો ભાઈ સમજી તેની લાશ મારા ભાઈની છે તેવુ પોલીસને જણાવી ગામ લાવી ભુલથી અંતીમવિધી કરી નાંખેલ છે.'' સદર સાહેદે સરતપાસમાં વધુમાં જણાવેલ છે કે, ''મે તા.૧૪/૭/૧૬ ના રોજ નાગુલાલ કાળુસીંગ ગાચરી રહે. બીનીચાખેડી થાના નારગઢ તા.સીતામઢી જી.મંદસોર એમ.પી હાલ રહે. આરક સીસોદ્રા મેજીક્રેટ કંપની કોલોનીમા તા.જી.જલાલપોર નવસારીનાઓનુ નીવેદન લીધેલુ તેઓએ મારા રૂબરૂના નીવેદનમા એવુ લખાવેલ કે,ગઈ તા. ૫/૭/૧૬ ના દીવસ દરમ્યાન કંપનીમા સાંજે મારા રૂમ ઉપર આવેલ અને હુ કોઈને ત્યા પણ કંપનીની ખોલીમા રહેતા માણસોનેે ત્યા જમી આવુ છુ પરંતુ દીવસ દરમ્યાન કંપનીનીમા કામ કરી થાકી જવાથી રૂમમા સુઈ ગયેલો, અને રાત્રીના આશરે બારેક વાગેના આસપાસમા મને ભુખ લાગતા હુ નજીકમા રહેતા મદનની રૂમમા ગયેલો અને મને ભુખ લાગવાથી તે રૂમમા ગયેલ અને રૂમમા મદન હતો નહી અને રૂમમા અંધારૂ હોવાથી હું જમવાનુ શોધતો હતો ત્યારે મદનની પત્ની જાગી ગયેલ અને હું ઉંઘમા હોવાના કારણે કદાચ મારો પગ અંધારામા લાગી

જતા જે ઉંઘમાથી જાગી જતા કોણ છે કોણ છે તેમ બોલતા હું ત્યાથી ભાગી ગયેલ અને મને સવારના ભાન આવતા રાત્રીના મદનની ગેર હાજરીમા તેના રૂમ પર ગયેલ અને મદન રાત્રીના કામે ગયેલ હોય સવારે આવશે તો મારી સાથે ઝઘડો કરશે તે હીસાબે મે સુપર વાઈઝર સુલતાન પાસેથી રૂ.૯૦૦/– લઈ આશરે બારેક વાગે મારા વતન તરફ જતો રહેલો અને નવસારી થી હુ કડોદરા ગયેલો. અને ત્યાથી લક્ષ્મી ટ્રાવેલ્સની બસમા બેસીને ચીતોડવાળી બસમા બેસીને ચીતોડ ખાતે ઉતરેલો અને ત્યાથી પ્રાઈવેટ બસમા બેસી નામ્બજ ખાતે પહોચેલો અને તા.૭/૭/૧૬ ના રોજ સાંજના સમયે નીમ્બજ ગામની બાજુમા આવેલ મોરવણ ખાતે રહેતા મારા ઓળખીતા કવલાલ ભીલના ઘરે તેને મળવા માટે ગયેલો અને હુ ત્યા આગળ બે ત્રણ દીવસ રોકાયેલો અને ત્યાથી વાંગરેજખેડા ખાતે મારા ઓળખીતા હીરાલાલ ના ઘરે હુએક રાત રોકાયેલો અને ત્યાથી માતારૂડી ખાતે રહેતા મારા સંબંધી રાધશ્યામના ત્યા એક રાત રોકાયેલો અને તા.૧૩/૭/૧૬ સવારના બારેક વાગેના સુમારે રાઘેશ્યામ ઉપર મારી સાસરીમાથી ફોન આવેલો કે ગુજરાતમા કામ કરતો નાગુ મરણ ગયેલ છે જેથી નાગુની અંતીમવિધી થઈ ગયેલ હોય તમો તેની શોકબેઠકમા બેસવા આવી તેવુ કહેતા રાઘેશ્યામ તેઓને જણાવેલ કે નાગુ તો મારી સાથે છે તેવી વાત જણાવેલી અને મને રાઘેશ્યામે ગાડીમા બેસાડી દીઘેલ અને હુ બીલીચાખેડી ખાતે બે એક વાગેના સુમારે મારા ગામ પહોચેલો અને મને મારા ઘરના માણસો તથા ગામના લોકો જોઈને અચંબીત થઈ ગયેલા ત્યારે ભાઈ ગંગારામે મને જણાવેલ કે તુ નવસારી કામ કરે છે અને તારૂ ખુન થઈ ગયેલ છે જે બાબતે તારી સાથે કામ કરતો

રતન ઉર્ફે મેઘરાજનાઓ ઘરે આવી જણાવેલ કે નાગુનુ ખુન થઈ ગયેલ છે અને તમને નવસારી લઈ જવા માંગુ છુ તેવી વાત કરેલી અને ગામના માણસો સાથે તારી લાશ લેવા માટે નવસારી ગયેલ અને મરણ જનારની લાશ મે જોયેલ તારા જેવી જ દાઢી તેમજ માથાના વાળ તથા કપાળના ભાગે વાગેલાનુ નીશાન તેમજ તારા જેવી સીકલ વાળી લાશ હોય જેથી પોલીસ પાસે ઓળખાણ કરાવી લાશનો કબ્જો મેળવેલ અને જેના ઉપર સહી કરીને લઈ આવેલ અને તે ઈસમની અંતીમવિધી કરી નાંખેલ છે તેવી વાત કરેલી અને ગામના આગેવાનને ભાઈ ગંગારામે રામ નારાયણને તથા અન્યને ફોન કરી બોલાવેલા અને આપડે જે લાશ લઈ આવેલ છે તે નાગુની જેવી જ હોય જેથી નાગુને સાથે લઈ ગુજરાત નવસારી પોલીસ પાસે જવુ પડશે તેવી ચર્ચા ચાલતી અને ત્યારપછી સાંજના  મને મારા ભાઈએ તથા ગામના માજી સરપંચ ભારતીસીંગ તથા મારા કુંટુબી ભાઈ પ્રકાશ તથા મારી સાથે કામ કરતો રતનલાલ ઉર્ફે મેઘરાજ તથા તેની પત્ની વિગેરે સાથે નવસારી આવવા નીકળેલા અને આજરોજ અહી આવેલ છે, તા.૫/૭/૧૬ ના રોજ અમારી નજીકના રૂમમા રાત્રીના જમવા માટે તે રૂમમા ગયેલ પરંતુ અંધારૂ હોવાથી તે રૂમમા રહેતી સ્ત્રીને અંધારામા મારો પગ ગયેલ હોય તે કામ ઉપરથી આવેથી મારી સાથે ઝઘડો કરશે તેવી બીકના કારણે હુ મારા વતન તરફ જતો રહેલ અને જાણવા મળેલ કે મરણજનારને મદન તથા કામેશ તથા સુરેશ ઉર્ફે નાચણે હાઈવે ઉપર શેરડીના ખેતર પાસે મોત નીપજાવેલ અને જેઓને આપ સાહેબે અટક કરેલ અને તેઓએ ગુનો કબુલ કરેલાની વાત જાણેલી આ મરણજનારનો ફોટો મને બતાવેલ જે ઈસમ કોણ છે તેની મને ખબર નથી.''તથા આરોપી તરફેની

ત.ક.અ. ની ઉ.ત. જોવામાં આવે તો તેમણે કબુલ રાખેલ છે કે, લાશ બીનવારસી મળેલી. તેમણે એમ પણ કબુલ રાખેલ છે કે, મેજીક્રેટ કંપનીમાં કામ કરતા નાગુલાલ કારૂસિંગ ગાયરી તા. ૬/૭/૧૬ પછી ગાયબ છે તેવી કોઈ ફરીયાદ કરવામાં આવેલી નહી. મળેલ બીનવારસી લાશના વાલી વારસ શોધવા માટે તેમણે જુદા જુદા પો.સ્ટે.માં ફોટો મોકલવા માટે કોઈ કાર્યવાહી કરી હોય તેવો કોઈ પુરાવો તેમણે ચાર્જશીટ સાથે રજુ કરેલ નથી. તેમણે એમ પણ કબુલ રાખેલ છે કે, નાગુલાલ જીવીત હોવાની જાણ થયા પછી જે લાશ મળેલ તે કોની હતી તે બાબતે મે કોઈ તપાસ કરી તે અંગેનો મે કોઈ દસ્તાવેજી પુરાવો ચાર્જશીટ સાથે સામેલ રાખેલ નથી. તેમણે એમ પણ કબુલ રાખેલ છે કે, લાશ કોની હતી તે પ્રશ્ન વણ ઉકેલ્યો હતો. તેમણે ઉ.ત. માં એમ પણ કબુલ રાખેલ છે કે, મળેલી લાશ સાથે આરોપીઓને કોઈ સબંધ ન હતો તેમ છતા મે ખોટુ ચાર્જશીટ કરેલું છે. વળી આ કામે, કોર્ટ ધ્વારા તેમને જે સવાલો પુછવામાં આવેલા તે તથા આરોપી પક્ષે ઉ.ત. માં પુછવામાં આવેલ સવાલોથી એ નિર્વિવાદ રીતે પુરવાર થયેલ છે કે, ત.ક.અ. જે નાગુલાલ કારૂસિંગ ગાયરીના ખુનના આરોપ સર હાલના આરોપીઓને અટક કરેલ અને ચાર્જશીટ કરેલ તે નાગુલાલ કારૂસિંગ ગાયરી જીવીત છે અને નાગુલાલ કારૂસિંગ ગાયરીએ ત.ક.અ. સમક્ષ આવીને પોતે જીવીત હોવા અંગે નિવેદન નોંધાવેલ. તેમના સગા-વ્હાલાઓએ તેમની સાથે આવી નાગુલાલ કારૂસિંગ ગાયરી જીવીત હોવા બાબતે જણાવતા તેઓના પણ નિવેદન નોંધવામાં આવેલા, નાગુલાલ કારૂસિંગ ગાયરી જીવીત હોવાની તમામ ખાત્રી ત.ક.અ. એ કરેલી તેમ છતા પણ તપાસ કરનાર અમલદારે જે અજાણ્યા વ્યકિતની લાશ મળી

**આવેલી તેના વાલી વારસ શોધવા માટે પ્રયત્ન કરેલ નથી કે તે અજાણી વ્યકિતનું મૃત્યુનું કારણ જાણવા માટે તપાસ કરનાર અમલદારે પ્રયત્ન કરેલ નથી અને આ કામના બંને આરોપીઓએ નાગુલાલ કારૂસિંગ ગાયરીની હત્યા કરેલ ન હોવા છતા અને નાગુલાલ કારૂસિંગ ગાયરી જીવીત હોવાનું જાણવા છતા આ કામના તપાસ કરનાર અમલદારે આ કામના બંને આરોપીઓ સામે ખોટુ ચાર્જશીટ કરેલાનું ફલીત થાય છે. વળી તપાસ કરનાર અમલદારે પણ પોતાની ઉ.ત. માં આ કામના બંને આરોપીઓ સામે પોતે ખોટુ ચાર્જશીટ કરેલ હોવાનુ કબુલ રાખેલ છે.** તથા કોર્ટ દ્વારા પુછવામાં આવેલા સવાલોના જવાબ જોવામાં આવે તો,

સવાલ– બાય કોર્ટ.

સવાલ– તા.૧૪/૭/૧૬ ના ગંગારામ કાળુસીંગ ગાયરી તથા નાગુલાલ કાળુસિંગ ગાયરીના નીવેદનથી તમારી સમક્ષ એ બાબત સ્પષ્ટ થઈ કે નાગુલાલ કાળુસીંગ ગાયરી જીવીત છે?

જવાબ– હા નાગુલાલ કાળુસીંગ ગાયરી જીવીત હોવાનો પુરાવો મળ્યો.

સવાલ– મરણજનાર હતો તે કોણ હતો?

જવાબ– મરણજનાર ઈસમ કોણ હતો તે જાણી શકાયુ ન હતુ.

સવાલ– આરોપી સામે કયા અને કોના ખુનના ગુનાનુ તમે ચાર્જશીટ કરેલુ?

જવાબ– આરોપી સામે આજાણ્યા ઈસમનુ મોત નીપજાવ્યાનુ ચાર્જશીટ કરેલુ.

સવાલ– તમને કયા પુરાવાના આધારે એવુ લાગેલ કે આરોપીઓએ અજાણ્યા ઈસમનુ મોત નીપજાવ્યુ છે?

જવાબ– આસપાસના રહીશના મોખીક પુરાવાથી જણાયેલુ.

સવાલ– તમોએ એ સાહેદો નજરે જોનાર હતા તેની તપાસ કરેલી?

જવાબ– અજાણ્યા વ્યકતી સાથે આરોપીને ઝઘડો થયાની કોઈ હકીકત ખુલેલ નહી.

સવાલ– આરોપીઓએ અજાણ્યા વ્યકતીનુ મોત નીપજાવ્યુ છે તેવુ મારી તપાસમા ખુલેલ ?

જવાબ– મારી તપાસમા આ કામના આરોપીઓએ અજાણ્યા વ્યકતીનુ કે જેની લાશ મળેલ હતી તેનુ મૃત્યૃ નીપજાવેલ હોવાનુ ખુલેલ ન હતુ.

સવાલ– કોઈ ગુનો બનતો ન હોય તો તેની સામે શુ કાર્યવાહી કરવાની રહે?

જવાબ– ગુનો બનતો ન હોય બી સમરી ભરવાની હોય

સવાલ– તમોએ આ કામે જે તપાસ કરી તે તપાસમા આરોપીઓએ નાગુલાલનુ મૃત્યૃ નીપજાવેલ ન હતુ અને નાગુલાલ જીવીત હતા તેવુ ખુલેલુ?

જવાબ– તપાસ દરમ્યાન નાગુલાલનુ મૃત્યૃ આરોપીએ નીપાજાવેલ ન હતુ અને નાગુલાલ જીવીત હતા તેવુ ખુલેલુ.

સવાલ– તમે જે તપાસ સંભાળેલી તે અજાણી વ્યકતીની લાશ બાબતે કોઈએ કોઈ ફરીયાદી આપેલ હતી કે આ કામના આરોપીઓએ તે અજાણી વ્યકતીનુ મૃત્યૃ નીપજાવેલ હતુ?

જવાબ– કોઈપણ ફરીયાદ અમારા પો.સ્ટે.મા આવેલ ન હતી કે મરણજનાર અજાણી વ્યકતીની હત્યા આ કામના આરોપીઓએ કરેલી.

સવાલ– તમે જે નીવેદનો લીધેલા તે નાગુલાલના મૃત્યુ બાબતે લીધેલા?

જવાબ– મે જે નીવેદનો આ કામે લીધેલા તે નાગુલાલના ખુનના બાબતે લીધેલા.

સવાલ– તમે ચાર્જશીટ કર્યુ ત્યારે નાગુલાલના ખુનના ગુનામા નાગુલાલ જીવીત હોય આરોપી સામે કોઈ કેસ બનતો ન હોય ફાઈનલ ભરેલુ?

જવાબ– મે કોઈ ફાઈનલ ભરેલ નહી.

સવાલ– તમે કયા પુરાવાના આધારે આ કામના આરોપીઓ વિરુધ્ધ ઈ.પી.કો.કલમ ૩૦૨,૨૦૧,૧૧૪ મુજબનુ ચાર્જશીટ કરેલુ?

જવાબ– મારી પાસે એવો કોઈ પુરાવો નથી જેથી આરોપીઓ સામે ઈ.પી.કો.કલમ ૩૦૨,૨૦૧,૧૧૪ મુજબનુ ચાર્જશીટ થઈ શકે.

સવાલ– જે લાશ મળી તે લાશના વાલી વારસ શોધવા માટે નાગુલાલ જીવીત હોવા છતા તમે કોઈ કાર્યવાહી કરેલ તેના પુરાવા છે?

જવાબ– મે નાગુલાલ જીવીત હોવા બાબતના પુરાવા મળતા અને નાગુલાલનુ નીવેદન લીધા પછી જે અજાણી વ્યકતીની લાશ મળી હતી તેના વાલી વારસ શોધવા માટે કોઈ કાર્યવાહી કરેલ ન હતી.

સવાલ– નાગુલાલ જીવીત આવતા અને તેનુ નીવેદન લીધા પછી લાશના ફોટા સાથે વર્તમાનપત્ર મા કે ટી.વી.ઉપર કે જુદા જુદા પો.સ્ટેમા લાશના વાલી વારસ શોધવાની કાર્યવાહી કરેલી?

જવાબ– નાગુલાલ જીવીત આવતા અને તેનુ નીવેદન લીધા પછી અજાણી વ્યકતીની લાશ શોધવા માટે આવી કોઈ કાર્યવાહી કરેલ નથી.

આમ, આ કામના બંને આરોપીઓને તપાસ કરનાર અમલદારની બેદરકારીના કારણે તેઓએ નાગુલાલ કારૂસિંગ ગાયરીનું મૃત્યુ નિપજાવેલ ન હોવા છતા કે જે અજાણી વ્યકિતની લાશ મળેલ હતી તેનું મૃત્યુ પણ નિપજાવેલ ન હોવા છતા તપાસ કરનારની બેદરકારીના કારણે આ કામના બંને આરોપીઓની ખોટી રીતે અટકાયત કરવામાં આવેલી અને બંને આરોપીઓએ આ ગુન્હામાં અટકાયત બાદ જામીન મુકત થતા સુધી જેલમાં રહેવુ પડેલ અને આ બંને આરોપીઓએ તપાસ કરનાર અમલદારની બેદરકારીના કારણે ક્રિમીનલ કેસ નં. ૩૮૭૮/૧૬

માં એટલે કે ૨૦૧૬ થી નિયમીત ટ્રાયલ કોર્ટ અને ત્યારબાદ આ અદાલતમાં વારંવાર હાજર રહી ટ્રાયલ નો સામનો કરવો પડેલ છે. આ બંને આરોપીઓ જોવામાં આવે તો તેઓ મધ્યપ્રદેશના રહીશ છે અને લાંબા સમય સુધી તેઓએ તેમના વતન મધ્ય પ્રદેશમાંથી આ ટ્રાયલ દરમ્યાન હાજર રહેવુ પડેલ છે અને તેમ થતા તેઓને આર્થિક નુકસાની થયેલ છે અને માનસિક રીતે પણ તેઓએ આ ગુન્હો ન કરેલ હોવા છતા આ ટ્રાયલ દરમ્યાની પીડા ભોગવવી પડેલ છે અને આ તમામ પીડા તેઓએ એક તપાસ કરનાર અમલદારની બેદરકારીભરી અને નિષ્કાળજી ભરી કાર્યવાહીના લીધે ભોગવવી પડેલ છે. ૨૦૧૬ થી ૨૦૨૨ સુધી આ બંને આરોપીઓએ આર્થિક અને માનસીક, સામાજીક જે પણ યાતનાઓ વેઠેલ છે તેને ભરપાઈ કરી શકાય તેમ નથી. જે વ્યકિતનું તેમણે મૃત્યુ નિપજાવેલ નથી તેવી વ્યકિતના ખુનના આરોપસર તેઓની અટકાયત કરવામાં આવેલ અને તેઓને જેલવાસ પણ ભોગવવો પડેલ અને જે વ્યકિતના ખુનના આરોપસર બંને આરોપીઓની ધરપકડ કરવામાં આવેલી તે વ્યકિત એટલે કે નાગુલાલ કારૂસિંગ ગાયરી જીવીત હોવા છતા અને તપાસ કરનાર અમલદારે તે જીવીત હોવાના પ્રમાણ સાથે તેઓનું નિવેદન નોંધેલ અને તેમ છતા આરોપીઓ સામે તે જીવીત વ્યકિતના કહેવાતા ખુન બાબતે ચાર્જશીટ કરેલ છે તે જોતા આ કામના બંને આરોપીઓને પોતાના સમાજમાં ખુની હોવા બાબતે જે તિરસ્કાર ભર્યા વર્તનનો સામનો કરવો પડેલ છે તે માત્ર અને માત્ર આ કામના તપાસ કરનાર અમલદારની બેદરકારી અને નિષ્કાળજીના કારણે જ કરવો પડેલ છે અને આ બંને આરોપીઓને જે ગુન્હો તેમણે કરેલ નથી તેના માટે તેમણે ટ્રાયલ સહન કરવી પડી છે અને તે માટે તેઓને થયેલ માનસિક, શારીરિક અને સામાજીક યાતનાઓનું સંપૂર્ણપણે વળતર ચુકવી શકાય તેમ નથી પરંતુ જે કંઈ પણ વળતર ચુકવવાથી આર્થિક નુકસાની ભરપાઈ

થઈ શકે તેમ છે. અને તે પણ આ નુકસાનીના જવાબદાર એવા તપાસ કરનાર અમલદાર પાસેથી આર્થિક નુકસાની ભરપાઈ કરવાથી ન્યાયનો હેતુ સરે તેમ છે. આમ, તમામ સંજોગો જોતા આ કામના ઉપરોકત બંને આરોપીઓએ નાગુલાલ કારૂસિંગ ગાયરીનું મૃત્યુ નિપજાવેલ નથી કે અન્ય કોઈ વ્યકિતનું પણ મૃત્યુ નિપજાવેલ નથી તે સંજોગોમાં બંને આરોપીઓએ કોઈ ગુન્હો કર્યો ન હોય, મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી, મુદ્દા નં.ર અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: <u>હુકમ</u> ::–**

૧: આ કામના આરોપી નં.(૧) મદન સુખલા પીપલાદી, નં(ર) સુરેશ ઉર્ફે નાચણજીયાણી બાટેલા, બંને રહે. કુકડીયા ખેડા, તા. પલસુત, જી. બડવાની (એમ.પી.) હાલ રહે. આરક સીસોદ્રા મેજીકીટ કંપનીમાં, તા. જલાલપોર, જિ. નવસારીનાઓને ક્રિ.પ્રો. કોડની કલમ–ર૩પ(૧) અન્વયે, ઈ.પી.કો. કલમ–૩૦ર, ર૦૧, ૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

ર: આ કામના તપાસ કરના અમલદાર પ્રદિપસિંહ કિરીટસિંહ ગોહિલ, પી.આઈ. હાલ સુરતનાઓએ પ્રત્યેક આરોપીને રૂા.પ૦,૦૦૦/– (અંકે રૂપિયા પચાસ હજાર પુરા) વળતર તરીકે ચુકવવાનો હુકમ કરવામાં આવે છે. આ વળતર તેઓએ બંને આરોપીઓને ૧–માસમાં ચુકવી તેની જાણ અત્રેની અદાલતને કરવી.

૩. આ હુકમની એક નકલ તપાસ કરનાર અમલદાર પી.આઈ. પ્રદિપસિંહ કિરીટસિંહ ગોહિલના ઉચ્ચ અધિકારીને તથા તપાસ કરનાર અમલદાર

પી. આઈ. પ્રદિપસિંહ કિરીટસિંહ ગોહિલ, હાલ રહે. સુરત નાઓને મોકલવી.

૪. મુદ્દામાલનો અપીલ સમય વિત્યે નાશ કરવો.

આ હુકમ આજરોજ તા:૩૦ મી માહે- માર્ચ, સને ૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

નવસારી.
તા:૩૦-૦૩-૨૦૨૨.

(**સારંગા વિનોદચંદ્ર વ્યાસ**)
બીજા અધિક સત્ર ન્યાયાધીશ, નવસારી
**(કોડ નં-જીજે ૦૦૬૭૫)**

*P.V.Patel*